નં.બમશ/મા.૨/૯૫-૯૬/૨૨૮૧૬-૩૬
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગુ.રા.
બ્લોક નં.૧૨ ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર. તા. ૩૦-૯-૯૫.

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા લેવામાં આવતી જાહેર પરીક્ષાઓમાં બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ બેદરકારી બતાવે કે ગેરરીતી આચરે તો પગલાં લેવા બાબત..

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાતી જાહેર પરીક્ષાઓમાં બીન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓએ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો૧૯૭૪ ના વિનિયમ. ૨૭(૬)(ક)માં કરેલ જોગવાઈ મુજબ કોઇ કર્મચારી બોર્ડ ધ્વારા લેવાતી જાહેર પરીક્ષા સબંધમાં તેને સોંપવામાં આવે તેવી કોઈ કામગીરી સ્વીકારવાની ના પાડી શકશે નહી.

બોર્ડ ધ્વારા લેવામાં આવતી જાહેર પરીક્ષાઓ દરમિયાન પરીક્ષા સબંધી કોઇપણ કામગીરી દરમિયાન બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓ ધ્વારા પરીક્ષાને લગતી કોઇપણ કામગીરી કરવાની ના પાડવી, બેદરકારી બતાવવી, ગેરરીતીઓ આચરવી, ગુપ્તતા જોખમાય તેવું વર્તન કરવું વગેરે જેવી કોઇ ગેરશિસ્ત કે ગેરવર્તન કરવામાં આવે તો માધ્યમિક શિક્ષણ વિનિયમ. ૧૯૭૪ના વિનિયમ.૨૭ (૬)(ક) અને ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-૪૩ ની જોગવાઈ મુજબ આવા કર્મચારીઓ સામે શિસ્તભંગના પગલાં લઈને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થાય છે. ગુ.મા.શિ.અધિનિયમ. માં કરેલ જોગવાઇઓ મુજબ આ કાર્યવાહી શાળા સંચાલક મંડળ ધ્વારા કરવાની થાય છે. પરંતુ એવુ ધ્યાન પર આવેલ છે કે કેટલાક સંચાલક મંડળો આવા કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરતા નથી જે જણાવેલ પ્રવર્તમાન નિયમો; વિનિયમો અને કાયદાની જોગવાઈ વિરુધ્ધ છે જે યોગ્ય નથી. જેથી સંચાલક મંડળ જો આવા જવાબદાર કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી ન કરે તો તે ખાતરી થયેથી જિલ્લા શિક્ષણાધિકારીએ ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૬૪ ના નિયમ.૯૫ માં કરેલ સુધારા સહિતની જોગવાઈઓ મુજબ આવી સંસ્થા ની અનુદાનમાં ઘટાડો કરવાની અને અન્ય કાર્યવાહી કરવી.આ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

સહી.
ઉચ્ચ શિક્ષણ કમિશ્નર.
ગુ.રા.ગાંધીનગર.